# પિન્ટુ અને પોપટ

લેખક: ગોવિંદ દરજી 'દેવાશું'
વાર્તા: આપણી ટુકડી ઝિંદાબાદ

પિન્ટુ નામનો એક છોકરો.
તેની ઉંમર લગભગ છ-સાત વર્ષની.
તેણે એક કૂતરો પાળેલો.
નામ તેનું ટોમી.
ટોમી અને પિન્ટુ જિગરજાન દોસ્ત. આખો દિવસ પિન્ટુ ટોમી સાથે જ હોય.
પિન્ટુ શાળામાં જાય એટલો સમય જ તેનાથી દૂર. બાકી બંને સાથે હોય.
એક દિવસની વાત.
ટોમી બીમાર પડ્યો. પિન્ટુ તો રડવા લાગ્યો. પિન્ટુના પિતા ચિંતનભાઈ. તેઓ તરત જ ટોમીને પશુ હૉસ્પિટલમાં લઈ ગયા. ટોમીની બિમારી ગંભીર હતી. તેની સારવાર ખૂબ જ કાળજીથી કરવામાં આવી, પરંતુ ટોમી બચ્યો નહિ. તે મૃત્યુ પામ્યો.
પિન્ટુ તો રડવા લાગ્યો. તેનાં મમ્મી-પપ્પા અને તેની બહેન પિંકીને પણ ખૂબ જ દુ:ખ થયું.
ને દિવસો વીતતા લાગ્યા. પિન્ટુને તો ટોમી વગર ગમે જ નહિ. તે ન ખાય ન પીવે.
શાળામાં જાય, પરંતુ ભણવામાં ધ્યાન ન આપે.
ઉત્કર્ષભાઈ પિન્ટુના શિક્ષક. તેમણે આ વાત જાણી. તેમને દુ:ખ થયું. તેમજ નવાઈ લાગી.
એક દિવસની વાત.
ચાર દિવસ પછી તેઓ સાંજના પિન્ટુના ઘેરે ગયા. પિન્ટુને તો નવાઈ લાગી. ઉત્કર્ષભાઈને જોતાં જ બોલી ઊઠ્યો, "સર આવ્યા, મમ્મીએ સ્વાગત કર્યું. તેના પપ્પા ઘેર નહોતા, બહારગામ ગયા હતા.
પિન્ટુની સાથે ઉત્કર્ષભાઈ વાતચીત કરતા હતા. એટલામાં જ પિન્ટુના પપ્પા ઘેર આવ્યા.
તેના પપ્પા સમજી ગયા. પિન્ટુના 'સર'ને તેઓ ઓળખી ગયા. પિન્ટુને સ્કૂલમાં મૂકવા ગયેલા ત્યારે તેમનો પરિચય થયો હતો. ને વાતોચીતો ચાલી.
ત્યાં જ પિન્ટુના મામા-મામી આવ્યાં. તેમના હાથમાં પિંજર હતું. પિંજરમાં સુંદર પોપટ હતો.
પિન્ટુના ઘરનાંને નવાઈ લાગી. પિન્ટુનાં મામા-મામીને તો એમ કે પિન્ટુના પોપટ ગમશે.
પેલો ટોમી મરી ગયો હતો, તે વાત તેમણે જાણી હતી. માટે પિન્ટુને ખુશ કરવા તેઓ પોપટ લઈને આવ્યા હતા, પરંતુ તેમની માન્યતા ખોટી પડી. પિન્ટુ ખુશ તો ના થયો, પરંતુ પ્રશ્ન કર્યો, "હવે આ પોપટનું મારે શું કામ છે?"

‘કેમ? તને પોપટ નથી ગમતો?” તેના મામાએ પ્રશ્ન કર્યો.

“ગમે છે. મને તો પશુ-પંખીઓ ગમે છે.: પિન્ટુએ ઉત્તર વાળ્યો.

“તો લે, આ પોપટ.” વચ્ચે જ પિન્ટુની મામીએ કહ્યું.

“પોપટ તો ગમે છે, પરંતુ.....” કહેતાં પિન્ટુની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

“તું કંઈક કહે તો ખબર પડે.” વચ્ચે જ તેના “સર” બોલી ઊઠ્યા.

“સર, તમે અમને ભણાવો છો ને કે આઝાદી દરેકને ગમે છે. જો પોપટ જેવાં પંખીઓને આપણે પિંજરમાં પૂરીએ તો સારું કહેવાય? આપણે જ તેની સ્વતંત્રતા છીનવી લઈએ છીએ, તેવો જ અર્થ થયો ને?” કહેતાં પિન્ટુ સહેજ હસી પડ્યો.

“હા, પિન્ટુ! તારી વાત સાચી છે.” તેના પપ્પાએ કહ્યું.



“તો શું કરવું જોઈએ?” પિન્ટુનાં મામીએ પ્રશ્ન કર્યો.

“હું કહું તેમ કરશો ખરાં?” પિન્ટુએ સવાલ કર્યો.

“હા, હા કેમ નહિ. બોલ તું કહે તેમ!” પિન્ટુની મમ્મી વચ્ચે જ બોલી ઊઠી.

“આ પિંજરના પોપટને આઝાદ કરો.” કહેતાં પિન્ટુ હસી પડ્યો.

‘એટલે શું પોપટને ઉડાડી મૂકવાનો? પિન્ટુના મામીએ પ્રશ્ન કર્યો.

“હા, ઉડાડી મૂકો.” પિન્ટુએ પોતાની વાત ફરીથી કરી.

સાંભળનાર બધાં સંમત થયાં.

ઉત્કર્ષભાઈની ખુશીનો કોઈ પાર નહિ. તેમને મનમાં થયું, “પિન્ટુ જેવા વિદ્યાર્થીઓ માત્ર જ્ઞાન મેળવતા નથી, તેનો અમલ પણ કરે છે, કરાવે છે.”

પિન્ટુએ કહ્યું, “આ મારા ‘સર’ના હાથે એ પોપટને મુક્ત કરો, આઝાદ કરો.”

“ના, આ તારી બહેન પિંકીના હાથે એ પોપટને આઝાદ કરો.” કહેતાં ઉત્કર્ષભાઈ હસી પડ્યા.

ને પિંકીએ હળવેકથી પિંજરનું બારણું ખોલ્યું ને તરત જ પોપટ ફરરરરરર કરતો ઊંચે આકાશમાં ઊડી ગયો. સૂરજ આથમવાની તૈયારી હતી. જાણે કે પેલા પોપટનો ઉદય થયો. તેને આઝાદી મળી. તેણે પિન્ટુનો આભાર માન્યો.

પિન્ટુને બધાંએ કહ્યું, “હવે પેલા ટોમીને ભૂલી જા અને અભ્યાસ કરવાનો.”

પિન્ટુ સંમત થયો.

ને બધાં વિખરાયાં.

બધાંના ચહેરા પર આનંદ છવાઈ ગયો હતો.